તાત્કાલિક/સમય મર્યાદા

ક્રમાંક : ઉમબ/ઉમા. ૮-૯/ભરતી/૨૦૧૪/ 7879-7915
કમિશ્નર, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧ , ડો. જી. મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૩૦ -૧૦-૨૦૧૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

**વિષય :–** બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓમાં કલાર્કની ભરતી કરવા અંગે.

**સંદર્ભ :– માનનીય અગ્રસચિવશ્રી સાથેની તા. ૨૮-૧૦-૧૪ ની મીટીંગના અનુસંધાનમાં**

ઉપરોકત વિષયના અનુસંધાનમાં સવિનય જણાવવાનુ કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧-૮-૨૦૧૧ ના ઠરાવ નં. બમશ/ ૧૧૦૯/ઓડી/૦૮/ગ થી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓનુ સંખ્યાબળ અને સંવર્ગના સેટઅપ માટે શાળાના વિદ્યાર્થીઓની સખ્યા આધારીત માપદંડ નકકી કરવામાં આવેલ છે.

માનનીય **અગ્રસચિવશ્રી** સાથેની તા. ૨૮-૧૦-૨૦૧૪ ના રોજની મીટીંગમાં આપેલ સુચના અનુસાર સરકારશ્રીના તા. **૧-૮-૨૦૧૧** ના ઉકત ઠરાવની જોગવાઈ અનુસાર આપના જીલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કલાર્કની ખાલી જગ્યાની માહિતી આ સાથેના પત્રકમાં તાત્કાલિક દિન-૨ ઈ-મેઈલ / રુબરુ મોકલી આપશો. E-MAIL. jdhsecondary@gmail.com

**આપના જીલ્લાની શાળાઓના નામ સાથેની માહિતી સરકારશ્રીમાં સાદર કરવાની હોવાથી જે ખાલી જગ્યાની માહિતી મોકલી આપવામાં આવશે તે જ શાળાઓની ખાલી જગ્યા ધ્યાને લેવામાં આવશે પાછળથી કોઈ જગ્યા ઉમેરવામાં આવશે નહી માટે ચોકસાઈ પૂર્વક** સરકારશ્રી તા. ૧-૮-૧૧ ના ઠરાવ ની જોગવાઈ અનુસાર વિદ્યાર્થી સંખ્યા આધારીત માહિતી મોકલી આપશો. તા. ૩૧-૧૦-૨૦૧૪ ની સ્થિતિની વિગતો મોકલવી.

સદર બાબત માનનીય અગ્રસચિવશ્રીને માહિતી સાદર કરવાની હોવાથી આ બાબતે ટોચ અગ્રતા આપી આપના જીલ્લાની માહિતી સમયસર આ કચેરીને મળી જાય તે માટે અંગત રસ લઈ વ્યવસ્થા કરશો.

સંયુકત શિક્ષણ નિયામક
૧૦+૨, ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ થવા સારુ....

**સંયુકત સચિવશ્રી,માધ્યમિક, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર**